# દેખીને રાજી !



જમાદાર જુસબચાચા મારા પપ્પાના ખાસ દોસ્તાર છે. જમાદારને ઘેર કયારેક હું પણ જઉં. મને એમને ઘેર જવાનું ગમે; રમવાનું મળે ને એટલે. રમવાનું તો હું ગમે ત્યાંથી ગોતી લઉં. પણ જમાદારને ઘેર પોપટની સાથે રમવા મળે એટલે મજા પડે. જમાદાર જુસબચાચાએ પોપટ પાળ્યો છે : લીલું ડીલ, ગળે કાળો કાંઠલો ને રાતી ચાંચ. નામ એનું સુલતાન.

ચાચાના ઘરનું આંગણું મોટું. એમાં એક લીમડાનું ઝાડ છે. એની ડાળીએ પિંજરામાં સુલતાનને રાખે છે. સવારે ચાચા પિંજરું ખોલે. સુલતાન પાંખો ફફડાવીને હેઠે ઊતરે. પછી ડોકું ડોલાવતો ડોલાવતો એ રસોડામાં જાય. થાળીમાં ખાય. રોટલી-દાળ-ભાત : આવું બધું એને ફાવે. ઘરમાં આંટા મારે. પાળેલું બિલાડું ય સુલતાનને કનડે નહીં. રાતે હથેળી ધરીને ચાચા કહેશે. : " સુલતાન, હવે સૂઈ જાવ. " સુલતાન તરત ચાચાની હથેળી પર બેસી જાય. પછી ચાચા એને લીમડે લટકતા પિંજરામા સરકાવી દે.

એકવાર અમે જુસબચાચાને ઘેર ગયેલા. વાતવાતમાં ચાચા મને કહે : "પાવનબચ્ચા, તારે પોપટ જોઈએ ?" મેં પપ્પા સામે જોયું. પપ્પા ચાચાને કહે : "અમારા આ પાવન જેવડુંક નાનકડું પોપટડું મળી જાય તો લાવજો."

આઠ-દસ દિ ' પછી. એક સાંજે ચાચા ઘેર પિજરું મૂકી ગયા. એમાં બેઠું' તું એક પોપટડું ! મેં તો ઠેંકડો મારીને બૂમ પાડે- "આજા આજા ! " પપ્પા સમજ્યા- "રાજા-રાજા-રાજા !" બસ, પોપટનું નામ પડ્યું આમ-રાજા ! પપ્પા કહે : "આ રાજા નામ સરસ છે, હવે રાજાને રમાડશું ને રમશું ."

- પણ રાજા તો ગભરાઈ ગયેલા ! હું પહેલે દિવસે નિશાળમાં ગભરાઈ ગયેલો ને એમ !

મારી ચડ્ડી ભીની થઈ ગયેલી. એમ રાજાને પિંજરેથી ય ટપક ટપક ! ઓરડાની વચ્ચે પિંજરું રાખેલું. એનું બારણું ખોલ્યું તો ય રાજાબંદા બહાર ન આવે !

હાથમાં ખારેક લઈને પપ્પાએ ધરી તો એણે ચાંચ મારવા જેવું કર્યું. એટલે પપ્પાનો હાથ તરત બહાર ! જામફળ ને બિસ્કિટ પિંજરામાં રાખ્યા પણ રાજએ કંઈ ખાધું જ નહીં ને ! કંઈ ગમતું ય ન હોય ત્યારે મનેય જમવાનું ભાવે નહીં હોં !

આ તો નિશાળના પહેલા દિવસ જેવું હતું ને એટલે. પછી તો રાજાસાહેબ ધીરેધીરે પિંજરામાંથી બહાર નીકળતા થયા. એ બહાર નીકળે એટલે ઓરડાના બારી-બારણા બંધ કરી દેવા પડે. રાજાબહાદૂર નાહવાના ચોર-મારી જેમ !

હવે તો મમ્મીનું માન રાખવા હું નાહી લઉં છું પણ પહેલા તો પપ્પા મને ખભેથી પકડી રાખે ને મમ્મી નવડાવે એવું થતું. એ વખતે મારી બૂમો તો ચાલુ જ હોય. આ રાજા તો એવી બૂમો પાડી ન શકે પણ છે.. ઈ.... યું ઈ.....યું કરતોકને નાવાની ચોકડીમાંથી છટકે ! પછી તો પપ્પા રાજાને પિંજરામાં પૂરે ને ચારે બાજુથી ને માથેથી છાંટે પાણી ! પછી પિંજરું ખોલીએ એટલે રાજાજી બહાર નીકળીને બંધ ઓરડામાં આંટા મારે, પંખો ફફડાવે એટલે ડીલ સુકાઈ જાય. રાજાભાઈ ડીલ સૂકવતા હોય એટલામાં મમ્મી એનું પિંજરું સાફ કરી લે.

પછી પિંજરાંમા મમ્મી કોઈવાર ખારેક તો કોઈ વાર જામફળ, ક્યારેક વળી સીતાફળ કે સફરજન મૂકે. બી કાઢેલું લીલું મરચું ય મૂકે.

ચીકુ ય રાજાને બહુ ભાવે. રાજાને ભાવે એ બધું મને ય ભાવે – મરચું નહીં. હો ! રાજાતો વઘારેલા મમરા ય ખાય ને બટેટાપૌઆ પણ એને ચાલે. પછીથી તો નાના બિસ્કીટ પણ એણે ખાવા માંડેલા !

આવું આવું ખાવા મળે તો લે 'ર જ પડી જાય ને ? તો ય હું દેખું કે રાજા ઈ...યું ઈ...યું કરતો પિંજરામાં બેઠો જાણે રડતો હોય ! એકવાર તો એ પિંજરામાં ઈ...યું ઈ...યું ... કરતો 'તો ત્યાં ક્રી...ક ક્રી... ક જેવા મીઠા-તીણા અવાજ કરતા ચાર-પાંચ પોપટ પિંજરા પાસે આવ્યા ! એ બધા પિંજરા માથે ચડ્યા !

રાજાએ તો રાજી થઈને ડોક લંબાવી ને પાંખ ફફડાવી. એણે પિંજરાના સળિયાને ચાંચ મારી પણ બહાર તો ક્યાંથી નીકળાય ! બહારના પોપટોએ પાંખો ફફડાવી ને પિંજરા ફરતા ચક્કર માર્યા. ક્રીક... ક્રીક... કરીને ખબર નહીં શી વાતો કરી.

એક પોપટીયાએ તો રાજાના પિંજરામાંથી મરચું સેરવી લીધું ને રાજાએ એને સેરવવાય દીધું ! થોડીવાર પછી એ બધા પોપટ ઊડીને સામેના વડલે બેઠા. રાજા તો પિંજરે બેઠો એને જૂએ ને પાંખ ફફડાવે !

નિશાળમાં અમારા સાહેબે તે દિ પિંજરાનાં પંખીની કવિતા ભણાવેલી- 'આતા હૈ યાદ મૂજ કો વો ગુજરા હુઆ જમાના...' મને તો ત્યારે અમારો પોપટ રાજા જ સાંભરતો હતો. એ દૂર હતો

પણ એનું ઈ...યું ઈ...યું સંભળાતું હતું. પિરિયડ ક્યારે પૂરો થયો તેની ખબરેય ન પડી ટણ.... ણ.... ણ... ઘંટ વાગ્યો ને  મારા પેટમાં તો જાણે ગલૂડિયા બોલવા માંડ્યા !

નિશાળેથી છૂટીને ઘર તરફ દોટ મૂકી. સખત ભૂખ લાગી હતી. રસ્તામાં એક ખબોચિયામાં પગ પડ્યા એટલે બૂટ-મોજા ગંદા ગઈ થઈ ગયેલા. મેં તો બૂટ-મોજા સહિત રસોડામાં ધૂસીને ગોળપાપડીનો ડબરો ખોલવા માંડયો ત્યાં મમ્મીએ મારો ગાલ ખેંચ્યો ને પપ્પાએ કાન પકડીને મને ઘર બહારની નાવાની ઓરડીમાં પૂરી દીધો. ઓરડીમાં ધકેલતી વખતે પપ્પા કહે :  "બૂટ-મોજા કાઢ્યા વગર રસોડામાં આજે તું આઠમી વખતે ધૂસ્યો છે. દર વખતે તો તું કહે છે કે હવે એવું નહીં કરું પણ પાછું એમને એમ ! આ વખતે તો  તને  બરાબર યાદ રહે એવી સજા કરવી છે !" મમ્મી-પપ્પાએ જમવાનું ય ના પૂછયું !

નાહવાની ઓરડીમાં પૂરાયા પછી મેં રાડો નાખી. રડયો. પછડાયો. બારણા ખખડાવ્યા. પણ બારણાં ન ખૂલ્યા તે ન જ ખૂલ્યાં !

પછી હું જેમતેમ કરીને ઓરડીની બારીએ ચડયો. બારીમાંથી નજર કરી તો ન દેખાય મમ્મી કે ન દેખાય પપ્પા. દેખાયું પિંજરું ને એમાં હતો રાજા ! પિંજરાની આસપાસ ટોળે વળીને બહારના પોપટ ક્રી....ક...  ક્રી....ક કરીને પછી ઊડી ગયા !

એ ઊડયા ને આ બાજુ મારા ભાઈબંધ બારીએ વારાફરતી છાનાંમાનાં આવ્યા. એમને મારી કઠણાઈની કેમ ખબર પડી ગઈ હશે ? કિત્તુ કેળા આપી ગયો. બિલ્લુ બદામ લાવેલો. ચંપકિયો ચીકુ લાવેલો. ભિલ્લુ તો ખાલી હાથે મળવા આવેલો... મેં એને સામેથી કેળું આપ્યું. રાજાએ બહારના એક પોપટીયાને મરચું સેરવવા આપેલું ને એમ !

હવે તો રાત પડી. અંધારું થવા માંડ્યું. પગે એક વંદો ચડયો. મેં રાડ પાડી. રડયો. પછડાયો ! બારણા ખખડાવ્યા. થોડીવાર પછી ધીરેકથી બારણું ખૂલ્યું. હું તરત બહાર નીકળી આવ્યો. મમ્મીએ ફરી ઠપકો આપ્યો-"પાવન, તું કયારે ડાહ્યો થઈશ !" મેં ભૂલ કબૂલ કરી. મમ્મી મને રસોડામાં લઈ ગઈ. થાળી પીરસી. મને તો ખાવાનું મન જ ન થયું ! પપ્પા પાસે જવાની હિંમત ન થઈ. રસોડામા જ સૂઈ ગયો.

સવારે પપ્પાની માફી માંગી. મમ્મી-પપ્પાએ મને વહાલો કર્યો. હવેથી હું ચોખ્ખોચટ રહીશ, રાજાની જેમ ! હું રાજા પાસે ગયો. રાજા પિંજરામાં ઈ...યું  ઈ...યું કરતો હતો. બસ, મેં તો પિંજરાનું બારણું ખોલી નાખ્યું ને રાજા તો તરત ઊડી ને વડલે બેઠો ! એ બોલ્યો : ક્રી...ક ક્રી...ક ત્યાં તો આઠ-દસ પોપટ ઊડી આવ્યા ને ક્રી...ક  ક્રી...ક કરીને પોપટિયું ટોળું આકાશે ઊડવા માંડયું !

મમ્મી-પપ્પાને પૂછયા વિના રાજાને ઊડાડી મૂક્યો એટલે પાછું ના 'વાની ઓરડીમાં પૂરાવું પડશે તો ? આમ ડરતો ઊભો હતો ત્યાં પાછળથી આવીને પપ્પાએ ખભા પર હાથ મૂકીને કહ્યું-"બેટા પાવન, રાજા આપણે ઘેર આવ્યો હતો તે સાંજે જ મારા મનમાં એમ હતું કે એ

મોટો થશે પછી એને આઝાદ કરી દઈશું. તારા મમ્મીને મેં બે દિવસ પહેલા જ કહેલું કે રાજાને ઊડી જવા દઈએ તો ? તારાં મમ્મી કહે કે પાવનને રાજા વિના નહીં ગમે !... પણ તેં તો અમને પૂછવાની રાહ જોયા વિના એને આઝાદ કરી દીધો !"

ત્યાં તો રાજા પાછો આવ્યો. અમે જોઈ રહ્યા. એ રસોડામા ગયો. વેરાયેલા વધારેલા મમરા ખાધા. પાછો કઠેડે બેઠો. ક્રી...ક ક્રી...ક એમ તીણો-મીઠો અવાજ કરીને ઊડયો. વડલે બેઠો. ફરી બોલ્યો : ક્રી...ક ક્રી...ક ત્યાં તો આઠ-દસ પોપટ ઊડી આવ્યા ને ક્રી...ક ક્રી...ક કરીને પોપટીયું ટોળું આકાશે ઊડવા માંડ્યું. એ દેખીને અમે ખૂબ રાજી થયા ! હજુય કયારેક રાજા અમારે રસોડે આવે છે, જે ધરીએ તે ખાય ને પછી કઠેડે બેસીને ક્રી....ક ક્રી...ક કરતો ઊડી જાય છે ! એ દેખીને અમે રાજી.....રાજી....રાજી!

લેખક: ઈશ્વર પરમાર